### શ્રી સૌધર્મ બૃહત્તપાગચ્છીય (ત્રિસ્તુતિક)

# પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

અને તેઓશ્રીના સમુદાયવર્તી પૂ. આચાર્યદેવો

પૂ. આ. શ્રી ધનચંદ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી ભૂપેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી હેમેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી તીર્થેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી લબ્ધિચંદ્રસૂરીશ્વરજી મહારાજ

✲ ✲ ✲

મહાન શાસનપ્રભાવક, ક્રિયોદ્ધારક અને
'શ્રી અભિધાન રાજેન્દ્ર વિશ્વકોષ'ના સર્જક

## પૂ. આચાર્ય પ્રવરશ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રી સૌધર્મ બૃહત્તપાગચ્છીય પરંપરા ભગવાન મહાવીરના પાંચમા ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીથી અખંડપણે પ્રવર્તમાન છે. એ પરંપરામાં ૫૮મી પાટ પર સમ્રાટ અકબર પ્રતિબોધક મહાન આચાર્યશ્રી વિજયહીરસૂરિજી મહારાજ થયા. એ પરંપરામાં ૬૨મી પાટે શ્રી વિજયપ્રભસૂરિજી, ૬૩મી પાટે ક્રિયોદ્ધારક શ્રી રત્નસૂરિજી અને ૬૭મી પાટે શ્રી પ્રમોદસૂરિજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ થયા. શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરિજી મહારાજ એમના જ શિષ્ય હતા અને ૬૮મી પાટે તેઓશ્રી આચાર્યપદે આવ્યા. પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પૂર્વે યતિવર્ગમાં શિથિલાચાર વ્યાપી ગયો હતો. શ્રમણ સંસ્કૃતિ છિન્નભિન્ન થઈ રહી હતી. આવા સમયે જૈનસંઘને પ્રભાવક મહાપુરુષોની અત્યંત આવશ્યકતા હતી. આવા કપરા કાળમાં તે વખતે જ ક્રિયોદ્ધારક મહાપુરુષો થયા, તેમાં શ્રીમદ્ વિજયરાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ એક સમર્થ ક્રિયોદ્ધારક હતા.

શ્રીમદ્‌નો જન્મ સં. ૧૮૮૩ની સાલમાં પોષ સુદ ૭ના દિવસે ભરતપુરમાં થયો હતો. પિતાનું નામ ઋષભદાસ, માતાનું નામ કેસરબાઈ અને તેમનું પોતાનું નામ રત્નરાજ હતું. માણેકચંદ તેમના વડીલ બંધુ હતા અને પ્રેમા તેમની નાની બહેન હતી. રત્નરાજ નાનપણથી જ લાગણીશીલ, સાહસિક તેમ જ ધર્માભિમુખ હતા. ૧૪-૧૫ વર્ષની વયે તેઓ પોતાના વડીલ ભાઈ સાથે જ્યારે કેસરિયાજી તીર્થની જાત્રાએ ગયા હતા ત્યારે પાછા ફરતી વખતે જયપુર પાસેના અંબર ગામના રહેવાસી શેઠ કનૈયાલાલજીને ભીલોના હુમલાથી બચાવ્યા હતા અને તેમની પુત્રીની વ્યંતરબાધા દૂર કરી હતી. તેમનાં પરાક્રમ અને પરોપકારથી શેઠશ્રી પ્રભાવિત થયા. તેમને પોતાની પુત્રીનું સગપણ રત્નરાજ સાથે કરવાની ભાવના થઈ અને તેમણે પોતાની ભાવના રત્નરાજને જણાવી. પણ રત્નરાજે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હું તો ત્યાગમાર્ગનો પથિક છું. સંસારનાં બંધનમાં પડવાની મારી ઇચ્છા નથી. જાત્રા પછી તેઓ પોતાના વડીલ બંધુ માણેકચંદ સાથે વેપારાર્થે સિલોન સુધી ગયા અને ઘણી સંપત્તિ પ્રાપ્ત કરીને પાછા ભરતપુર આવ્યા. તેમનાં માતાપિતાની તેમણે ખૂબ સેવાભક્તિ કરી. કાળક્રમે તેમનાં માતાપિતાનું દેહાવસાન થયું. પછી મોટાભાઈની અનુમતિ મેળવીને ૨૧ વર્ષની યુવાન વયે રત્નરાજે પૂ. આ. શ્રી પ્રમોદસૂરિજી મહારાજના ઉપદેશથી પ્રભાવિત થઈને ઉદયપુરમાં યતિશ્રી હેમવિજયજી મહારાજ પાસે શ્રી પ્રમોદસૂરિજીના શિષ્ય તરીકે ચારિત્ર ગ્રહણ કર્યું, યતિશ્રી રત્નવિજયજી નામ ધારણ કર્યું.

શ્રી પ્રમોદસૂરિજી મહારાજની આજ્ઞાથી શ્રી રત્નવિજયજી મહારાજ ખરતરગચ્છીય યતિ શ્રી સાગરચંદ્રજી મહારાજ પાસે રહ્યા અને છ વર્ષમાં વ્યાકરણ, ન્યાય, કોષ, અલંકાર, કાવ્ય આદિ વિદ્યાનું જ્ઞાન મેળવ્યું તેમ જ જિનાગમોનું પણ ગહન તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી બૃહત્તપાગચ્છીય સમાચારીનું જ્ઞાન મેળવવા તેઓશ્રી ગુરુ-આજ્ઞાથી તપાગચ્છીય પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પાસે જઈ પહોંચ્યા અને એમની પાસે રહી આગમ અને સમાચારીનું ઊંડું અધ્યયન કર્યું. પૂ. દેવેન્દ્રસૂરિજી મહારાજ તેમના આ ઊંડા અધ્યયન તેમ જ સમર્પણભાવ, વિનય-વિવેક આદિ ગુણોથી પરમ સંતુષ્ટ થયા અને પોતાના અંતિમ સમયમાં શિષ્ય ધીરવિજયજીને અભ્યાસ કરાવી, યોગ્ય બનાવી, શ્રીપૂજ્યપદ અપાવવાની શ્રી રત્નવિજયજીને ભલામણ કરી સ્વર્ગે સિધાવ્યા.

શ્રીપૂજ્યજીની આજ્ઞાનુસાર શ્રી રત્નવિજયજી મહારાજે શ્રી ધીરવિજયજીને ભણાવી-ગણાવીને શ્રીપૂજ્યની પદવી અપાવી. શ્રીપૂજ્યપદ પ્રાપ્ત થયા પછી તેમનું નામ શ્રી ધરણેન્દ્ર-સૂરિજી રાખવામાં આવ્યું. શ્રી ધરણેન્દ્રસૂરિજીએ શ્રી રત્નવિજયજી મહારાજને પોતાના દફ્તરીપદની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબદારી સોંપીને નેમનું સન્માન કર્યું. શ્રી રત્નવિજયજી મહારાજે પોતાના બુદ્ધિબળ અને પ્રભાવથી બીકાનેર અને જોધપુરના રાજવીઓ ઉપર અસર પાડી અને શ્રી ધરણેન્દ્રસૂરિજીને તેમના પરંપરાગત અધિકાર અપાવ્યા. શ્રી દેવેન્દ્રસૂરિજીએ અંતિમ સમયે કરેલી ભલામણ 'ધીરવિજયની સંભાળ રાખજો'ને શ્રી રત્નવિજયજીએ બરાબર પાળી બતાવી. સં. ૧૯૨૩નું ચોમાસું ધાણેરાવમાં હતું. પજુસણના દિવસો હતા. તે વખતે એક અત્તરનો વેપારી શ્રી ધરણેન્દ્રસૂરિજીની સેવામાં હાજર થયો અને તેણે તેઓશ્રીને સારામાં સારું અત્તર દેખાડ્યું. તે વખતે શ્રીપૂજ્યજીએ શ્રી રત્નવિજયજીને કહ્યું કે, 'જુઓ તો ખરા! આ અત્તર કેવું લાગે છે?' તે વખતે તેઓશ્રી બોલ્યા કે 'સાધુને માટે અત્તર જેવી વિલાસી વસ્તુની શી જરૂર છે?' આ ઉત્તરથી વિવાદ સર્જાતાં શ્રી રત્નવિજયજી ગુરુદેવ પાસે આહોર આવી ગયા; જ્યાં સંગીતવારિધિ શ્રી પ્રમોદરુચિજી મહારાજ, ન્યાયચક્રી શ્રી ધનવિજયજી આદિ અનેક યતિઓ સાથે ગુરુએ શિષ્યની યોગ્યતા જોઈ શ્રી રત્નવિજયજી મહારાજને શ્રીપૂજ્યની પદવીથી અલંકૃત કર્યા અને તેમનું નામ શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર કર્યું.

સં. ૧૯૨૪ના વૈશાખી પૂર્ણિમાને દિવસે શ્રીપૂજયની પદવી પ્રાપ્ત કરીને શ્રીપૂજ્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, યતિ ધનવિજયજી અને યતિ પ્રમોદવિજયજી સાથે સ્વતંત્રપણે વિચરવા લાગ્યા. ગામેગામ તેઓશ્રીનું સામૈયું થવા લાગ્યું. વિહાર કરતાં કરતાં તેઓશ્રી જાવરા (મધ્યપ્રદેશ) ચાતુર્માસ માટે પધાર્યા. આ બાજુ શ્રી ધરણેન્દ્રસૂરિજીનો પ્રભાવ દિવસે દિવસે ઓછો થવા લાગ્યો એટલે તેઓશ્રીએ વાટાઘાટ માટે યતિશ્રી મોતીવિજયજી અને સિદ્ધકુશલજીને જાવરા મોકલ્યા. શ્રી ધરણેન્દ્રસૂરિજીની વાટાઘાટમાં શ્રીમદ્‌ને ખરેખર હૃદયપલટો નજરે આવ્યો. એટલે તેઓશ્રીએ તેમની પાસે નવ કલમોનું એકરારનામું મંજૂર કરાવ્યું. આ નવ કલમો એટલે યતિવર્ગમાં વ્યાપેલ શિથિલાચારના રોગને દૂર કરવાનો રામબાણ નુસ્ખો. એને સ્વીકારવાથી યતિઓનું જીવન આદર્શ બની ગયું. તે નવ કલમો નીચે મુજબ છે:

(૧) પ્રતિક્રમણ ઉભય ટંક કો કરણો. શ્રાવક સાધુ સમેત કરણા કરાવણા. પચક્ખાણ, વખાણ, સદા થાપનાજી કી પડિલેહણા કરણા. ઉપકરણ ૧૪ સિવાય ગેણા તથા માદલિયા જંતર પાસ રાખણા નહીં. શ્રી દેહેરેજી નિત જાણા. સો સવારીમેં બેઠના નહીં. પૈદલ જાના. (૨) ઘોડા તથા ગાડી ઉપર નહીં બેઠણાં. સવારી ખરચ નહીં રખણાં. (૩) આયુધ નહીં રાખણાં તથા ગૃહસ્થી કે પાસકા આયુધ ગેણાં રૂપાળા દેખે તો ઉનકે હાથ નહીં લગણાં. તમંચા શસ્ત્ર નામ નહીં રખણાં. (૪) લુગાઇયાંસું એકાંત બેઠ વાત નહીં કરણાં. વેશ્યા તથા નપુંસક વાકે પાસ નહીં બેઠણાં. ઉણાંને નહીં રાખણાં. (૫) જો સાધુ તમાખુ તથા ગાંજા પીવે, રાત્રિભોજન કરે, કાંદા-લસણ ખાવે, લંપટી અપચ્ચક્ખાણી હોવે એસા ગુણકા સાધુ હોય તો પાસ રખણાં નહીં. (૬) સચિત લીલોતી, કાચા પાણી, વનસ્પતિ કું વિણાસણા નહીં, દાતણ કરણાં નહીં. તેલ ફુલેલ માલીસ કરાવણા નહીં. તલાવ કુવા બાવડી મેં હાથ ધોવણાં નહીં. (૭) સિપાહી ખરચમેં આદમી નોકર જાદા નહીં રખણાં, જીવહિંસા કરે ઐસા નૌકર રાખણાં નહીં. (૮) ગૃહસ્થી સે તકરાર કરકે ખમાસમણ પ્રમુખ રૂપિયા કે બદલે બદાયને લેણાં નહીં. (૯) ઓર કિસીકો સદ્દહણા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દેણા શ્રાવક શ્રાવકણિયાને ઉપદેશ શુદ્ધ પ્રરૂપણા દેણી, ઐસી પ્રરૂપણ દેણાં નહીં, જેણીમેં ઉલટૌ ઉણાંકો સમકિત બિગડે ઐસો પરૂપણો નહીં ઓર રાતકો બારણો જાવે નહીં. ઓર ચોપડ સેતરંજ ગંજીફો વગેરા ખેલ રમત ખેલે નહીં. કેશ લાંબા વધારે નહીં. પગરખી પેરે નહીં. ઔર શાસ્ત્રકી ગાથા ૫૦૦ રોજ સજ્ઝાય કરણા.

ઉપરોક્ત નવે કલમો શ્રી ધરણેન્દ્રસૂરિજી શ્રીપૂજ્યે અને તેમના બધા અનુયાયીએ મંજૂર કરતાં લખી આપ્યું કે, "ઈણ મુજબ હમેં પોતે પણ બરાબર પાલાંગા ને ઓર મુંડે અગાડીકા સાધુવાંને પણ મરજાદા મુજબ ચલાવાંગા ને ઓર શ્રીપૂજ્ય આચાર્ય નામ ધરાવેગા સો બરાબર પાલેગા હૈ. કદાચ કોઈ ઉપર લખ્યા મુજબ નહીં પાલે ને કિરિયા નહીં સાચવે જણાંને શ્રીસંઘ સમજાયને કહ્યો ચાહિજે. શ્રીસંઘરા કેણાસુ નહીં સમજે ને મરજાદા મુજબ નહીં ચાલે જણાં. શ્રીપૂજ્યને આચાર્ય જાણણો નહીં ને માનણો નહીં. સંવત ૧૯૨૪ મિતિ માહ સુદ ૭." આમ તેઓશ્રીએ યતિવર્ગમાં ફેલાયેલા શિથિલાચારને દૂર કરવાનું એક મહાન કાર્ય કર્યું. ઉપરાંત, સમાજમાં વ્યાપેલ કુપ્રથાઓને દૂર કરવાનું એક બીજું મહાન કાર્ય પણ તેમણે હાથમાં લીધું. તે વખતે શુદ્ધ ક્રિયામાર્ગના સમર્થક સંવેગી સાધુઓનો પણ અભાવ હતો. અને સંઘમાં વીતરાગદેવની સરખામણીમાં સરાગી દેવી–દેવતાઓની માનતા–આરાધના અને પૂજા–ભક્તિનો પ્રભાવ બહુ વધી ગયો હતો. લોકો વીતરાગદેવ અને નિર્ગ્રંથ ગુરુ તથા કેવલી-પ્રણીત ધર્મને ભૂલી રહ્યા હતા. પણ શ્રીમદ્ પોતે એક શુદ્ધ શ્રમણજીવન જીવવા માગતા હતા. આથી સં. ૧૯૨૬ની સાલમાં અષાઢ સુદ ૧૦ના દિવસે પોતે જાવરાનગરમાં શ્રીપૂજ્યપદના સમસ્ત વૈભવનો ત્યાગ કર્યો અને ક્રિયોદ્ધાર પૂર્વક શ્રી ધનવિજયજી અને પ્રમોદરુચિજી સાથે સંવેગી સાધુપણું સ્વીકાર્યું.

આ ક્રિયોદ્ધાર પછીનું પહેલું ચાતુર્માસ તેઓશ્રીએ ખાચરોદમાં કર્યું. એ ચાતુર્માસમાં શુદ્ધ ક્રિયામાર્ગની પ્રરૂપણા કરી. પરંપરાથી ચાલી આવેલા ત્રિસ્તુતિક સિદ્ધાંતનો તેમણે સ્વીકાર કર્યો; અને શુદ્ધ ક્રિયામાર્ગનું પુનઃ પ્રકાશન કર્યું. આ ત્રિસ્તુતિક સિદ્ધાંતે લોકોને વીતરાગના ઉપાસક–આરાધક બનાવ્યા. તેમ જ આત્મકલ્યાણના માર્ગમાં બાધક સ્વર્ગના દેવી–દેવતાઓની ઉપાસના બંધ કરાવી. આ ત્રિસ્તુતિક સિદ્ધાંતની પ્રતિષ્ઠા શ્રીમદ્ના જિનાગમના ગહન અધ્યયનું પરિણામ છે.

શ્રીમદ્ના જીવનનું જાગતિક મહત્ત્વનું કાર્ય છે 'અભિધાન રાજેન્દ્ર' નામના વિશ્વકોષની રચના. આ વિશાળકાય કોષ સાત ભાગમાં પૂર્ણ થયો છે. જૈન આગમનાં રહસ્યોને ઉકેલવાની આ કોષ Masterkey છે. દસ હજાર પાંચસો છાંસઠ પૃષ્ઠોમાં લગભગ સાંઈઠ હજાર શબ્દોની સમગ્ર વ્યાખ્યા કરવામાં આવી છે. આ કોષ એટલે માત્ર શબ્દોના અર્થોનો જ સંગ્રહ નથી; પણ એમાં શબ્દથી સંબંધિત મતમતાંતર, ઇતિહાસ અને વિચારોનું પણ પૂરેપૂરું વિવેચન છે. ન્યાય, દર્શન, જ્યોતિષ, ધર્મ, અલંકાર ઇત્યાદિ વિષયક પ્રમાણો એમાં ઉપલબ્ધ છે. તેમ જ શબ્દ, ઉત્પત્તિ અને લિંગભેદ સાથે તે કયા ઠેકાણે કયા અર્થમાં વપરાયો છે તેના બધા જ સંદર્ભો આ કોષમાં ઉપલબ્ધ છે. આ એક એવો સંદર્ભગ્રંથ છે કે એમાં શ્રમણસંસ્કૃતિનો એક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ શબ્દસંદર્ભ છૂટ્યો નથી. શબ્દના મૂળ સાથે તેનો ક્રમિક વિકાસ પણ આપેલો છે. 'અભિધાન રાજેન્દ્ર'ની રચના કરીને શ્રીમદે વિશ્વપુરુષોની શ્રેણીમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. શ્રીમદ્‌નું સમગ્ર જીવન અને તેનું જીવંત પ્રતીક આ અભિધાન રાજેન્દ્ર કોષ છે, જે વિશ્વસંસ્કૃતિનું અવિસ્મરણીય મંગલાચરણ છે. ૬૩મા વર્ષમાં તેમણે આ ગ્રંથરચનાનો પ્રારંભ સિયાણા (રાજસ્થાન)માં સં. ૧૯૪૬માં કર્યો હતો. અને સાડાચૌદ વર્ષમાં આ ગ્રંથ સં. ૧૯૬૦માં સુરતમાં પૂરો કર્યો હતો. આ ઉપરાંત, શ્રીમદે નાનામોટા કુલ ૬૧ ગ્રંથોની રચના કરી છે. તેમાં અભિધાન રાજેન્દ્ર, પાઇઅ સદ્દંબુહી, શ્રી કલ્પસૂત્ર બાલાવબોધ, કલ્પસૂત્રાર્થ પ્રબોધિની, શ્રી સિદ્ધચક્રપૂજા, શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા, દેવવંદનમાળા ઇત્યાદિ ગ્રંથો પ્રસિદ્ધ છે. શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ ઉગ્ર તપસ્વી પણ હતા. ક્રિયોદ્ધાર પછી પોતાના શ્રામણ્યની વિશેષ શુદ્ધિ કરવા માટે તેઓશ્રીએ ઉગ્ર તપસ્વીનું જીવન સ્વીકાર્યું. આત્મ-શુદ્ધિ માટે તેઓશ્રીએ સર્વપ્રથમ અભિગ્રહ ધારણ કરવા શરૂ કર્યા. અભિગ્રહની પૂર્તિ માટે તેઓશ્રીને ઘણી વાર સાત સાત દિવસ સુધી નિરાહાર રહેવું પડતું હતું. તેઓશ્રીએ આજીવન ચૌમાસી પર્વનો છઠ્ઠ અને સંવત્સરી પર્વનો અઠ્ઠમ કર્યો. એ સિવાય બડા કલ્પનો છઠ્ઠ, દર વર્ષે ચૈત્રી અને આસો માસની ઓળી તથા દર મહિને ૧૦નું એકાસણું કરતા હતા. એ સિવાય માંગીતુંગી પહાડનાં જંગલોમાં તેઓશ્રીએ છ છ મહિના સુધી અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરીને નવકાર મંત્રની આરાધના કરી હતી. માંગીતુંગી પર્વત, સ્વર્ણગિરિપર્વત (જાલોર) અને મોદરાનું ચામુંડવન એ બધાં સ્થાનો તેઓશ્રીનાં તપસ્યાસ્થાન હતાં.

શ્રીમદે પોતાના જીવનમાં અનેક ધાર્મિક તેમ જ લોકોપયોગી કાર્યો કર્યાં છે. સ્વર્ણગિરિ તીર્થનાં જિનાલયોમાં ભરેલા શસ્ત્રઅસ્ત્રો બહાર કઢાવી રાજાના કબજામાંથી મુક્ત કરાવી તેનો ઉદ્ધાર કર્યો. મોહનખેડા તીર્થની સ્થાપના કરી. એવી જ રીતે, તેઓશ્રીએ કોરટાજી, ભાંડવપુર અને પાલનપુર તીર્થનો પણ ઉદ્ધાર કર્યો. અઢીસો વર્ષોથી સમાજમાંથી બહિષ્કૃત કરાયેલા ચીરોલા અને આસપાસનાં આઠ ગામોના સંઘોના ૫૦૦ પરિવારનો તેઓશ્રીએ ઉદ્ધાર કર્યો. નાનીમોટી કુલ ૨૭ પ્રતિષ્ઠા–અંજનશલાકા કરાવી, જેમાં સૌથી મહાન પ્રખરતમ કાર્ય રાજસ્થાનના ઇતિહાસમાં ૩૦૦ વર્ષમાં પહેલી વાર આહોરમાં ૯૦૦ પ્રતિમાઓની અંજનશલાકા કરી. અને સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના વીતરાગ પ્રતિમાની સાથે વાતચીત કરવી અને તેનાથી પ્રભાવિત ૭૦૦ સ્થાનકવાસીઓએ મુહપત્તિ છોડી મૂર્તિપૂજાને સ્વીકારી. આ રીતે જાવરા, મંદસૌર, નીમચ અને નિમ્બાહેડાના સેંકડો જૈનોને પ્રભુપૂજાના અનુપમ માર્ગમાં જોડ્યા. આવી રીતે, ધર્મનાં તેમ જ લોકોપકારનાં અનેક કામો કરી શ્રીમદે પોતાના જીવનમાં અખૂટ યશ ઉપાર્જિત કર્યો. ૮૦ વર્ષનું દીર્ઘાયુ ભોગવી તેઓશ્રી સં. ૧૯૬૩માં પોષ સુદ ૬ની રાત્રે રાજગઢ મુકામે સ્વર્ગવાસી થયા. ધન્ય એ સાધુજીવન! કોટિ કોટિ વંદના એ સાધુવરને!



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org